સત્યમેવ જયતે

ડો. એન. બી. ધોળકીયા
અધિક નિયામક (તબીબી સેવાઓ)

નં. "મા" યોજના/ સરકારી હોસ્પિટલો માટે જોઇન્ટ રિપ્લેસમેન્ટની માર્ગદર્શિકા બાબત/ ૨૦૧૮.
કમિશ્નરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, (પ.ક.), બ્લોક નં.૫, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તા-૨૬-૦૪-૨૦૧૮

પ્રતિ,

- તબીબી અધિક્ષકશ્રી, મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલ – તમામ...
- મુખ્ય જિલ્લા તબીબી અધિકારીશ્રી – તમામ...

વિષય: - મુખ્યમંત્રી અમૃતમ યોજના અંતર્ગત ધૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની પ્રોસિજર સરકારી હોસ્પિટલોમાં અમલી કરવાની માર્ગદર્શન સૂચિકા બાબત.

સંદર્ભ: - (૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા.૨૭/૦૩/૨૦૧૮ ના ઠરાવ ક્રમાંક:- એફપીડબલ્યુ/ ૧૦૨૦૧૨/ ૪૭૧/ બ.૧ સચિવાલય, ગાંધીનગરના ઠરાવ અન્વયે.
(૨) "મા" યોજના અંતર્ગત નવી બાબતની માર્ગદર્શિકા બાબતનો તા. ૦૪.૦૪.૨૦૧૮ના પત્ર અન્વયે.

ઉક્ત દર્શાવેલ સંદર્ભ અને વિષયથી આપશ્રીને જણાવવાનું કે, મુખ્યમંત્રી અમૃતમ "મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ તા. ૦૧/૦૪/૨૦૧૮ થી યોજનાનો વ્યાપ વધારી લાભાર્થીઓનો સમાવેશ, લાભની મર્યાદામાં વધારો, નવી પ્રોસિજરોનો ઉમેરો કરવાનું નક્કી થયેલ છે. જેનું અમલીકરણ સંદર્ભ પત્ર (૨) અન્વયે, "મા" યોજના અંતર્ગત નવી બાબતની માર્ગદર્શિકા બાબતના તા. ૦૪.૦૪.૨૦૧૮ના પત્ર મુજબ માર્ગદર્શક સુચનાઓને અનુસરવાનું રહે. જે અન્વયે ધૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની પ્રોસિજર માટેની સ્પષ્ટતા નીચે મુજબ છે.

"મા" અને "મા વાત્સલ્ય" યોજના હેઠળ નિયત કરેલ પ્રોસિજરો ઉપરાંત ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવારની પ્રોસિજરનો ઉમેરો કરવામાં આવેલ છે. યોજના અંતર્ગત લાભાર્થીને પ્રતિ ઘૂંટણ / થાપા માટે રૂ. ૪૦,૦૦૦/- ની કેશલેસ સારવાર સહાય મળવાપાત્ર રહે અને વધારાનો ખર્ચ લાભાર્થીએ ભોગવવાનો રહે છે. તેમજ બીજા ઘૂંટણ / થાપાના રિપ્લેસમેન્ટ માટે મુખ્ય જિલ્લા તબીબી અધિકારી / તબીબી અધિક્ષકની મંજુરી મેળવ્યા બાદ લાભ મળવાપાત્ર રહે છે.

રાજ્ય સરકારે ચાલુ વર્ષે "મા" અને "મા વાત્સલ્ય" યોજનામાં ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવારની પ્રોસિજરનો ઉમેરો કરી સહાય આપવાનું નક્કી કરેલ છે.

સરકારી હોસ્પિટલોમાં બી.પી.એલ. લાભાર્થીઓને તમામ સારવાર મફત મળવાપાત્ર થતી હોય તેમજ અન્ય લાભાર્થીઓને ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવાર માટે માત્ર implant નો ખર્ચ થતો હોય આવા સંજોગોમાં સરકારી હોસ્પિટલોમાં લાભ મેળવવા માંગતા "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના તમામ લાભાર્થી જૂથને ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવાર વિના મૂલ્યે અથવા નજીવા દરે મળી રહે તે જરૂરી છે. જેથી સરકારે લીધેલ ચાલુ વર્ષના નિર્ણયને ધ્યાને લઇ હવે પછી સરકારી હોસ્પિટલોને ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની પ્રોસિજર માટે નીચે મુજબની સૂચનાઓને અનુસરવાનું રહેશે.

1. ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવાર માટે implant જો Tender પ્રક્રિયાથી ઉપલબ્ધ હોય અને દર્દીઓને વિના મૂલ્યે અપાતા હોય આવા કિસ્સાઓમાં હોસ્પિટલે સેવા ચાલુ રાખવાની રહેશે. તેમજ લાભાર્થી જો "મા" / "મા વાત્સલ્ય" યોજનાનો હોય તો હોસ્પિટલ રાજ્ય સરકાર પાસેથી પ્રતિ ઘૂંટણ / થાપા માટે રૂ. ૪૦,૦૦૦/- ક્લેઇમ કરી

શકશે, જે માટે "મા" યોજનાના HMIS સોફ્ટવેરમાં નિયત કરેલ ઓનલાઇન પ્રક્રિયાને અનુસરવાની રહેશે.

2. જો ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની સારવાર માટે implant Tender પ્રક્રિયાથી ઉપલબ્ધ ન હોય તેવા કિસ્સાઓમાં હોસ્પિટલે લોકલ પર્ચેસની પ્રક્રિયા હાથ ધરી લાભાર્થીઓને ઉપલબ્ધ કરાવવાના રહેશે. હોસ્પિટલે બી.પી.એલ. ("મા" યોજનાના લાભાર્થીઓ) ને તમામ સારવાર વિના મૂલ્યે પૂરી પાડવાની રહેશે અને અન્ય લાભાર્થીઓ ("મા વાત્સલ્ય" યોજનાના લાભાર્થીઓ) ને જો implant ની કિંમત રૂ. ૪૦,૦૦૦/- કરતા વધુ હોય તો રોગી કલ્યાણ સમિતિ (RKS) નિર્ણય લઇ વિના મૂલ્યે પણ લાભ આપી શકશે અથવા રૂ. ૪૦,૦૦૦/- થી ઉપરનો વધારાનો ખર્ચ લાભાર્થી પાસેથી રોગી કલ્યાણ સમિતિ (RKS) માં જમા કરાવી શકશે. પરંતુ આવા કિસ્સાઓમાં સરકાર તરફથી ઉપલબ્ધ સહાય એટલે કે રૂ. ૪૦,૦૦૦/- ઉપરાંત લાભાર્થીઓને કરવાના થતા ખર્ચની કુલ રકમ સરકારી હોસ્પિટલો માટે સામેલ નિયત કરેલ પેકેજદરો કરતા વધે નહીં તેની તકેદારી રાખવાની રહેશે.

આમ, ઉક્ત તમામ બાબતો ધ્યાને લઇ "મા" અને "મા વાત્સલ્ય" યોજનાના તમામ લાભાર્થીઓને કોઇ પણ મુશ્કેલી વગર સારવાર મળી રહે તેની તકેદારી રાખવા વિનંતી.

બિડાણઃ- ઘૂંટણ અને થાપાના રિપ્લેસમેન્ટની પ્રોસિજરો.

N.B. Dewalia

અધિક નિયામક (ત.સે.)
આરોગ્ય તબીબી સેવાઓ અને
તબીબી શિક્ષણ (આ.વિ)
ગાંધીનગર.

નકલ રવાનાઃ -

- મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી – તમામ.
- મ્યુનિસિપલ હેલ્થ ઓફિસરશ્રી – તમામ.
- પ્રોજેક્ટ હેડ, એમ. ડી. ઇન્ડીયા હેલ્થકેર નેટવર્ક્સ, ઇન્ફોસીટી, ગાંધીનગર.
- મેનેજર, એન. કોડ. સોલ્યુશન્સ, એ. ડિવિઝન ઓફ જી.એન.એફ.સી., ગીફ્ટ સીટી, ગાંધીનગર.